ગુજરાત સરકાર
પરિપત્ર ક્રમાંક. હથય/૧૦૨૦૧૨/૫૯૫/મ
ગૃહ વિભાગ
બ્લોક નં.૨/૧, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૯/૧૦/૨૦૧૨

**પ્રસ્તાવના**

ધી એન્વાર્યમેન્ટ (પ્રોટેકશન) એકટ, ૧૯૮૬ હેઠળ વન અને પર્યાવરણ વિભાગ દ્વારા ઘડવામાં આવેલ ધી નોઇસ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ ૨૦૦૦ ની જોગવાઇઓ પ્રમાણે નિયત થયેલ અવાજની માત્રામાં સવારના ૬ થી રાત્રિના ૧૦ કલાક સુધી લાઉડ સ્પીકર / પબ્લિક એડ્રેસ સીસ્ટમનો ઉપયોગ કરી શકાય છે. રાજય સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગના તા.૩/૧/૧૨ ના જાહેરનામાં ક્રમાંક.જીએનવી/૨૦૧૨/(૦૧)/ઇએનવી /૧૦/૨૦૧૧/૨૦૧૭ ઇ થી ધી નોઇસ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ રૂલ્સ,૨૦૦૦ ના નિયમ – ૫ ના પેટા નિયમ ૩ અને ત્યાર બાદના વખતો વખતના સુધારાઓને ધ્યાને લઇને કેલેન્ડર વર્ષ ૨૦૧૨ માં સદરહુ જાહેરનામામાં દર્શાવેલ ૧૪ દિવસો માટે લાઉડ સ્પીકર / પબ્લિક એડ્રેસ સીસ્ટમનો ઉપયોગ રાત્રિના ૧૦ થી ૧૨ સુધી કરવા માટેની છૂટ આપવામાં આવેલ છે. આમ નિયમોની જોગવાઇ પ્રમાણે નિર્ધારિત કરેલ ઉકત દિવસો દરમિયાન રાત્રિના ૧૨ કલાક બાદ લાઉડ સ્પીકર / પબ્લિક એડ્રેસ સીસ્ટમનો ઉપયોગ કરવામાં આવે તો તે નિયમોનું ઉલ્લઘન ગણાય અને તે બાબત સક્ષમ સત્તાધિકારીના ધ્યાન પર આવ્યેથી કે જાહેરજનતા તરફથી આ અંગેની ફરિયાદ મળેથી સક્ષમ સત્તાધિકારીએ નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરીને કસૂરવાર સામે પગલા ભરવાના રહે. પરંતુ સામાન્ય નાગરિકોને નિયમોના ઉલ્લંઘન બદલ કયાં સત્તાધિકારીને ફરિયાદ કરવી તે અંગે સંબંધિત સત્તાધિકારીના કાર્યક્ષેત્રાધિકાર હેઠળના પોલીસ સ્ટેશન, પોલીસ અધિકારીનું નામ, ટેલિફોન / મોબાઇલ નંબરની જાણકારી ના હોવાના કારણે ધ્વનિ પ્રદૂષણની સમસ્યાનો સામનો કરવો પડે છે.

તાજેતરમાં નવરાત્રિ મહોત્સવ દરમિયાન ધી નોઇઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) નિયમોની જોગવાઇઓના ભંગ સબબ પીટીશનર હેમાબેન શ્રીકાંત શુકલ દ્વારા ખાસ દિવાની અરજી ક્રમાંક.૧૩૮૧૦/૨૦૧૨ મારફત નામદાર ગુજરાત વડી અદાલતમાં દાદ માગવામાં આવેલ હતી અને યાચિકામાં મધ્ય રાત્રિના ૧૨ વાગ્યા પછી લાઉડ સ્પીકર ચાલુ રાખવામાં ન આવે અને જો ત્યાર બાદ પણ તે ચાલુ રાખવામાં આવેલ હોઇ તો ઓથોરીટી તરફથી તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે તે માટે જિલ્લા પોલીસ વડા જૂનાગઢને આ નિયમોના કડક અમલીકરણ માટે નિર્દેશ આપવામાં આવે તેમજ નવરાત્રિ મહોત્સવ દરમિયાન ચોકકસ પોલીસ અધિકારીની અમલીકરણ ઓથોરીટી તરીકે નિમણૂક કરવા અને સાથોસાથ તેમના ટેલિફોન નંબર અને મોબાઇલ નંબરો પણ ઇલેકટ્રોનિક અને પ્રિન્ટ મીડીયામાં પરીપત્રિત કરવાનો નિર્દેશ આપવા જણાવેલ હતું. તેના પર નામદાર વડી અદાલતે તા.૧૨/૧૦/૨૦૧૨ ના રોજ આપેલ નિર્દેશ અન્વયે જિલ્લા પોલીસ વડા જૂનાગઢ તરફથી સંબંધિત પોલીસ અધિકારીનું પોલીસ સ્ટેશન, ટેલિફોન નંબર અને મોબાઇલ નંબરની વિગતો નામદાર વડી અદાલતના ધ્યાન પર મુકવામાં આવેલ હતી. તે ધ્યાને લઇને નામદાર વડી અદાલતે આ મેટર પેન્ડીંગ રાખવા અને નવરાત્રિ મહોત્સવ દરમિયાન જો કોઇ મુશ્કેલી જણાય તો આ મેટર ફરીથી બોર્ડ પર લાવીને પીટીશનર આદેશો મેળવી શકશે. તે પ્રમાણેના ઓરલ ઓર્ડર તા.૧૬/૧૦/૨૦૧૦ ના રોજ કરેલ છે. આથી આ બાબત ધ્યાને લઇ

રાજય સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગના તા.૩/૧/૧૨ ના જાહેરનામાંથી આપવામાં આવેલ સૂચનાઓનો કડકાઇથી અમલ કરવા જરૂરી સૂચનાઓ પરિપત્રિત કરવાનું આવશ્યક જણાતા નીચે મુજબની સૂચનાઓનું પુનરૂચ્ચારણ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**પરિપત્ર**

આથી પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબની સૂચનાઓ જારી કરવામાં આવે છે. જેનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

રાજય સરકાર તરફથી ઉકત નિયમો હેઠળ મળેલ સત્તાની રૂએ દરેક કેલેન્ડર વર્ષ દરમિયાન રાત્રિના ૧૦ થી ૧૨ કલાક સુધી લાઉડ સ્પીકર / પબ્લિક એડ્રેસ સીસ્ટમનો ઉપયોગ કરવા માટે જાહેરનામું પ્રસિધ્ધ કરીને વર્ષના ૧૫ દિવસો માટે છૂટછાટ જાહેર કરી શકાય છે. જેમાં કેલેન્ડર વર્ષ ૨૦૧૨ માટે નવરાત્રિના નવ દિવસો માટે પણ આ છૂટછાટ આપવામાં આવેલ છે. આથી આ છૂટછાટના દિવસોમાં નામદાર વડી અદાલતે આપેલ નિર્દેશ પ્રમાણે કાર્યવાહી કરવામાં આવે તો ભવિષ્યમાં અદાલતના આદેશના અવમાનનો પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે માટે આ બાબતની ગંભીરતા અને સમયમર્યાદાને ધ્યાને લેતા ધી નોઇસ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ રૂલ્સ,૨૦૦૦ ની જોગવાઇઓનું કડક પણે અમલીકરણ કરવામાં આવે અને તેના ઉલ્લઘન થવાના સંજોગોમાં જાહેર જનતા સમયસર ફરિયાદ કરીને કસૂરદાર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી શકે તે માટે આ નિયમોના અમલીકરણ કરવા માટે નિમવામાં આવેલ પોલીસ અધિકારીના નામ,ટેલિફોન નંબર, મોબાઇલ નંબર તેમજ સંબંધિત પોલીસ સ્ટેશનની વિગતો ઇલકટ્રોનિક / પ્રીન્ટ મીડીયા મારફત જાહેર જનતાના ધ્યાન પર મૂકવામાં આવે તે જોવા તમામ જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીઓ/જિલ્લા પોલીસ વડાશ્રીઓ/પોલીસ કમિશનરશ્રીઓને આથી અનુરોધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(ડી.આર.પટેલ)
નાયબ સચિવ,
ગૃહ વિભાગ,

પ્રતિ,

- સચિવાલયના તમામ વિભાગો
- પો.મ.નિ. શ્રી અને મુ.પો.અધિકારીશ્રી ગુજરાત રાજય ગાંધીનગર.
- તમામ જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીઓ,
- સર્વે પોલીસ કમિશનરશ્રીઓ
- સર્વે પોલીસ અધીક્ષકશ્રીઓ
- શાખા સિલેકટ ફાઇલ
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ
- આઇ.ટી. સેલ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઇટ ઉપર મૂકવા સારૂ.)